| દાખલ તારીખ | ૨૨/૧૧/૨૦૧૬ | | |
|---|---|---|---|
| નોંધ્યા તારીખ | ૨૨/૧૧/૨૦૧૬ | | |
| નિર્ણય તારીખ | ૨૮/૦૮/૨૦૧૮ | | |
| મુદત | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૯ | ૦૬ |

સુરેન્દ્રનગર જીલ્લાના મહે. ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, મુકામ–લીબડી.

રે.દિ.મુ.નં.૨૪૭/૧૬
આંકઃ–૨૮.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
(લીબડી સબ ડીવીઝન)
હેડ ઓફિસ : નવા મવા રોડ, રાજકોટ. ..... વાદી

વિરુધ્ધ.

૧. અંબારામભાઈ ગોવિદભાઈ કમેજળીયા,
ઉ.વ.૫૦, ધંધો–ખેતી,
રહે.પાણશીણા,ઠે.મહાદેવમંદિર પાસે,
તા.લીબડી, જી.સુરેન્દ્રનગર ..... પ્રતિવાદી

**<u>દાવો રૂા.૧૪૯૩૫–૩૬ પૈસા વસુલ મેળવવા અંગે.</u>**

વાદી તરફે વકીલ શ્રી :–એચ.એન.રાવલ.
સામાવાળા તરફે કોઈ હાજર નથી.

**–: ચુ કા દો :–**

**(૧)** સદર કામે વાદી કંપનીનાએ કરેલ દાવા અરજીની ટુંકમાં વિગત એવી છે કે, વાદી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ઈલેકટ્રીકસીટી સપ્લાય એકટ–૨૦૦૩ થી નોંધાયેલ છે અને ગુજરાત રાજય માં વિદ્યુત શકિતનો જુદી જુદી જગ્યાએ સપ્લાય કરીને જુદી જુદી જગ્યાએ ગ્રાહકોને સપ્લાય કરવાનું કાર્ય કરે છે. હાલના પ્રતિવાદી વાદી વીજ કંપનીના વીજ ગ્રાહક તરીકે નોંધાયેલ નથી. વાદીની રજીસ્ટર હેડ ઓફિસ રાજકોટ છે અને સબ ડીવીઝન ઓફિસ લીબડીમાં આવેલી છે.

**(૨)** વાદી કંપનીના અધિકારીઓએ તા.૨૭/૧૧/૧૪ ના રોજ પ્રતિવાદીનુ પાણશીણા ગામમાં ઘર વપરાશનુ લાઈટીગ કનેકશન ચેક કરતા બીન ગ્રાહક હતા વાદી કંપનીની વીજ લાઈન માં બીનઅધિકૃત પાવર ચોરી કરેલ જે ચેકીગ સીટ નં.૫૬૪૬ થી ૭૫૦ વોટ લોડ વાપરતા ગેરકાયદેસર પકડાયેલા અને એ. બી. સી. ડી. ફોરમ્યુલા મુજબ કુલ રૂપિયા ૧૪૯૩૫–૩૬ પૈસા વાદી

સંસ્થાના લેણા પડે છે જે પાવર ચોરીની રકમ બીલ ભરપાઈ કરી આપવા પ્રતિવાદી ને લેખીતમાં જાણ કરવા છતાં કોઈ દરકાર લીધેલ નથી,પ્રતિવાદી સામે ઈન્ડી.ઈલે. સીટી એકટ ૨૦૦૩ કલમ ૧૩૫ મુજબ વિજ ચોરીની ફરીયાદ નોધાયેલ છે. જેથી દાવા અરજીના પેરા–૯ માં માંગ્યા મુજબની દાદથી દાવો કરેલ છે જેમાં નિયત કોર્ટ ફી પ્રોસેસ ભરેલ છે.

**(૩)** સદર દાવો અત્રેની અદાલત સમક્ષ વાદી સંસ્થા સમક્ષ દાખલ કરતાં દાવા રજીસ્ટરે દાખલ કરી પ્રતિવાદીને નોટીસ કાઢેલ છે.

**(૪)** જે નોટીસ બજી જવા છતાં પ્રતિવાદી તરફેથી કોઈ હાજર રહેલ નથી. ત્યારબાદ સદર કામે આંક–૫ થી મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબ ધ્વારા મુદા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે પુરાવામાં આંક–૬ થી પ્રદિપકુમાર વાલજીભાઈ નો સોગંદ પર પુરાવો તથા આંક–૩ ના લીસ્ટ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને આંક–૦૭ થી દસ્તાવેજી પુરાવા આંકે પાડવા અરજી આપેલ છે જે મંજુર કરી કામચલાઉ આંકે પાડવા હુકમ કરેલ છે અને આંક–૧૩ થી રવજીભાઈ ગોવિદભાઈ નો પુરાવો રજુ કરેલ છે જે બંને પુરાવામાં પ્રતિવાદી તરફે કોઈ હાજર ન હોય પ્રતિવાદીનો પુરાવા નો હકક બંધ કરવાનો હુકમ કરેલો છે જેથી ઉલટ તપાસ થયેલ નથી. આંક–૧૪ થી વાદી પક્ષે પુરાવા બંધની કલોઝીગ પુરસીસ આપેલ છે.

**(૫)** વાદી તરફે દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ રજુ થયેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | કામચલાઉ આંક–૧૫ | પાવરચોરી કરતા પકડાયેલ તેનુ તપાસણી અહેવાલ |
| ૨. | કામચલાઉ આંક–૧૬ | સ્થળ ઉપર કરવામા આવેલ રોજકામ |
| ૩. | કામચલાઉ આંક–૧૭ | એનેક્ષર–૪ મુદ્દામાલ કબજે લીધેલ તે |
| ૪. | કામચલાઉ આંક–૧૮ | પીરીયડ ઓફ એસેસમેન્ટ |
| ૫. | કામચલાઉ આંક–૧૯ | પુરવણી બીલ |
| ૬. | કામચલાઉ આંક–૨૦ | પાવર ચોરીનુ બીલ |
| ૭. | કામચલાઉ આંક–૨૧ | પરત આવેલ કવર |
| ૮. | કામચલાઉ આંક–૨૨ | વિજચોરીની લેખીત ફરીયાદ |
| ૯. | કામચલાઉ આંક–૨૩ | એફ.આઈ.આર. |
| ૧૦. | કામચલાઉ આંક–૨૪ | લીગલ નોટીસ |
| ૧૧. | કામચલાઉ આંક–૨૫ | પરત આવેલ કવર |
| ૧૨. | કામ ચલાઉ આંક–૨૬ | ડી.પી.સી. પત્રક |

૧૩. કામ ચલાઉ આંક–૨૭ સ્થળ વેરીફીકેશન

**(૬)** વાદી તરફે પડેલ પુરાવાઓ અન્વયે દલીલો સાંભળવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે કોઈ હાજર નથી.

**(૭)** આ કામમાં આંક–૫ થી મારા પુરોગામી ન્યાયાધિશ સાહેબ ધ્વારા નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

1 Whether the plaintiff proves that the plaintiff has incurred loss or damages as contemplated under explanation of section-144(6) of the Indian Electricity Act-2003 ?

2 Whether the plaintiff proves that he is entitled to recover the suit amount from the diffident with interest as alleged ?

3 What order & decree ?

**(૮)** Reply of points under order 41 rule 31 of CPC.

1 હકારાત્મક

2 હકારાત્મક

3 આખરી હુકમ મુજબ

// **કા ર ણો** //

**(૯) કામચલાઉ આંકની આખરી ગ્રાહયતા અંગે:**

આ કામમાં આંક–૧૫ થી પાવરચોરી કરતા પકડાયેલ તેનુ તપાસણી અહેવાલ તથા આંક–૧૬ થી સ્થળ ઉપર કરવામા આવેલ રોજકામ તથા આંક–૧૭ થી એનેક્ષર–૪ મુદ્દામાલ કબજે લીધેલ ત તથા આંક–૧૮ થી પીરીયડ ઓફ એસેસમેન્ટ તથા આંક–૧૯ થી પુરવણી બીલ તથા આંક–૨૦ થી પાવર ચોરીનુ બીલ તથા આંક–૨૧ થી પરત આવેલ કવર તથા આંક–૨૨ થી વિજચોરીની લેખીત ફરીયાદ તથા આંક–૨૩ થી એફ.આઈ.આર. તથા આંક–૨૪ થી લીગલ નોટીસ તથા આંક–૨૫ પરત આવેલ કવર તથા આંક–૨૬ ડી.પી.સી. પત્રક તથા આંક–૨૭ થી સ્થળ વેરીફીકેશન રજુ કરેલ છે. આ દસ્તાવેજોનો ઉલ્લેખ સાહેદોના પુરાવામાં થયેલ છે. આ કામમાં પ્રતિવાદી એ વાદીનો કેસ પડકારેલ નથી. પ્રતિવાદી જાતે કે વકીલશ્રી મારફત હાજર થયેલ નથી તેમજ, આ દસ્તાવેજો પડકારવામાં આવેલ નથી અને આ દસ્તાવેજો એવા છે કે, વાદી કંપનીએ નિયમ મુજબ રાખવાના હોય છે. તે સંજોગોમા ઉપરોકત કામચલાઉ આંકને પાકા આંક ગણવામાં આવે છે.

**(૧૦)** આ કામમાં આંક ૧૫ થી ૨૭ ખરી નકલો અને સ્થળપ્રત કોપીઓ તથા અસલ છે.જેનો ઉલ્લેખ સાહેદોએ પુરાવામાં કરેલ છે અને અસલ પ્રતિવાદી પાસે છે. પ્રતિવાદીએ દાવાનો ઈન્કાર કરેલ નથી. આ દસ્તાવેજો ને પડકારવામાં આવેલ નથી. તે સંજોગોમાં કામચલાઉ આંકને પાકા આંક ગણવામાં આવે છે.

**મુદ્દા નં. ૧ થી ૨ ::–**

**(૧૧)** સદર કામે રેકર્ડ પરની સ્થિતિ અન્વયે તમામ મુદ્દાઓની હકિકત અન્યોન્ય સંકળાયેલ હોય સરળતા ખાતર એકસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧૨)** વાદી તરફેથી આંક–૧ ની દાવા અરજીને પુરવાર કરવા સારૂ આંક–૬ થી વાદી સંસ્થાના કર્મચારી પ્રદિપકુમાર વાલજીભાઈને તપાસવામાં આવેલા છે અને જેઓનાએ દાવા અરજી તેમજ આંક– ૧૫ થી ૨૭ ના રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને સમર્થન કરતો સોગંદનામા પર પુરાવો આપેલ છે અને પ્રતિવાદી જે સંસ્થાના ગ્રાહક નથી અને વધુમાં દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે પ્રતિવાદીને ત્યાં કરવામાં આવેલા વીજ ચેકીગ અંગે તથા સ્થળ પરના કરેલ તપાસણી અહેવાલ વિગેરે અંગે દાવાને સમર્થન કરતો આંક–૧૩ થી રવજીભાઈ ગોવિદભાઈ નાએ પણ સોગંદનામાથી સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે અને આ બન્ને વાદી સંસ્થાના કર્મચારીઓની પ્રતિવાદી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી અને આ કામેના કામચલાઉ આપવામાં આવેલા આંકના પુરાવાને સમર્થનકારી પુરાવો જણાયેલ છે જેથી વાદી તરફેથી કરવામાં આવેલ દાવાની વિગતે તેમજ પ્રતિવાદી ને આપવામાં આવેલ બીલ અને પુરવણી બીલની થઈ કુલ્લે રકમ રૂા.૧૪૯૩૫–૩૬ પૈસા વાદી સંસ્થાના બાકી લેણા પડે છે તે હકિકતે વાદી સંસ્થાનો પુરાવો નહી માનવાને આ અદાલતને કોઈ કારણ જણાતું નથી તેમજ હાલનો આ દાવો કરવાની હકુમત અત્રેની અદાલતમાં રહેલી છે તે પણ પુરવાર થયેલ છે તથા વાદી સંસ્થાને પ્રતિવાદીનાએ કરેલ નુકશાન એટલે કે વાદી કંપનીના લાઈનમાં પર ડાયરેકટ વાયર ધ્વારા લંગર નાખી અન અનઅધિકૃત પાવર ચોરી કરી જે વીજ પુરવઠો વાપરેલ છે તેનું બીલ ભરવા પ્રતિવાદી ના એ વાદી સંસ્થા ને જવાબદાર બને છે તથા પ્રતિવાદી તરફેથી હાજર રહી કોઈ પુરાવો કરેલ નથી ત્યારે પક્ષકારની ખામીનો બાધ રહેલ છે તે બતાવતો પ્રતિવાદીનો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી જેથી ઉપરોકત તમામ ચર્ચાને અંતે વાદી તરફેથી મુદા નં.૧, ૨, પુરવાર કરવામાં સફળ થયેલ હોય તેઓની તરફેણમાં હકારાત્મક નિર્ણય ઠરાવવામાં આવે છે.

**(૧૩) મુદ્દા નં.૩**

ઉપરોકત તમામ મુદ્દાઓની કરેલ ચર્ચા અન્વયે વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાની રકમ મેળવવા હકકદાર ઠરે છે જેથી પ્રતિવાદીની જાતવહ મિલ્કતથી વસુલ મેળવવાનું હુકમનામુ કરવા

પાત્ર આ કેસ જણાય છે જેથી છેવટનો હુકમ સબબ મુદ્દા નં. ૩ સંબંધેનો નીચે મુજબ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

૧. વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

૨. વાદી સંસ્થાનાએ રૂા.૧૪૯૩૫–૩૬ પૈસા જે દાવા તા.૨૨/૧૧/૨૦૧૬ થી પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતથી વસુલ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે અને જે રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૭ % પ્રમાણે વ્યાજ સહિત વસુલ મેળવવા પ્રતિવાદી વિરૂઘ્ધ ઠરાવવામાં આવે છે.

૩. દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતાનો જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તા. ૨૮, માહે ઓગષ્ટ, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

લીંબડી,
તા.૨૮/૦૮/૨૦૧૮

(હરીશચંદ્ર ગુલાબસિંહ વાઘેલા)
ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
લીંબડી.
Unique Code No. GJOO590